# શૈક્ષણિક સફર

## ૨૦૦૯–૨૦૧૦

(અવિરત ચાલનાર સફરનો એક મુકામ)

**<u>પ્રસ્તાવના</u> :**

શ્રી. જલારામ ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત, માતુશ્રી વીરબાઈમા મહિલા સાયન્સ અને હોમ સાયન્સ કોલેજની એ પરંપરા રહી છે કે, વિદ્યાર્થિની બહેનોનો ઉત્તમોઉત્તમ અભ્યાસ અને અભ્યાસની સાથોસાથ ઈત્તર પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ કરવો.

અભ્યાસમાં પણ અભ્યાસની વિવિધ પધ્ધતિઓ જેવી કે, પ્રાધ્યાપકો દ્વારા વ્યાખ્યાનો, પ્રાયોગિક કાર્ય, વિવિધ વિષય નિષ્ણાંતોના વ્યાખ્યાનો, વિવિધ સંસ્થાઓની મુલાકાત,પ્રદર્શનો, ઉપરાંત ઈત્તર પ્રવૃતિઓમાં કોલેજ ખાતે વિવિધ કેમ્પનું આયોજન, કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ તહેવારોની ઉજવણીનું આયોજન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કે અન્ય સંસ્થા દ્વારા આયોજીત સ્પર્ધાઓમાં ભાગ લઈ વિદ્યાર્થિની બહેનોના સર્વાંગી વિકાસ કરવામાં યથાયોગ્ય ફાળો, સાથ–સહકાર અને માર્ગદર્શન આપી વિદ્યાર્થિની બહેનોને પ્રોત્સાહીત કરવી. ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત યુવક મહોત્સવ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજીત કોન્ફરન્સમાં વિદ્યાર્થિની બહેનોને પોસ્ટર પ્રેઝન્ટેશન માટે પ્રોત્સાહિત કરી, માર્ગદર્શિત કરી, પોસ્ટર્સ રજુ કરાવવા વગેરે.

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન પણ આ જ પરંપરાને આગળ વધારતા કોલેજ પરિવારે પ્રિન્સીપાલ શ્રી. ડો.કે.જે.ગણાત્રાની રાહબરી હેઠળ કરેલ વિવિધ પ્રવૃતિઓ કંઈક આ મુજબ છે :

**May-2009** :

- ❖ તા.૧૫/૫/૨૦૦૯ થી તા.૨૯/૫/૨૦૦૯ ના **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** દ્વારા આયોજીત **મનાલી ટ્રેકીંગ કેમ્પનું મનાલી** ખાતે આયોજન થયેલ હતુ. જેમાં આપણી કોલેજની **કુ.વિજયા મોઢવાડીયા** એ ભાગ લઈ, હિમાચલ પ્રદેશનું સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ હતુ.
- ❖ તા.૧૯/૫/૨૦૦૯ થી તા.૧/૬/૨૦૦૯ ના **N.C.C.** ની કુલ ૦૩ કેડેટ્સે **નીલગીરી** ખાતે **National Integration Camp (NIC)** માં ભાગ લીધો હતો.

**June -2009** :

- ❖ તા.૧૫/૬/૨૦૦૯ ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ નો પ્રારંભ થયો. F.Y.B.Sc. તથા F.Y.B.Sc.(Home) માં નવી પ્રવેશ પામેલી વિદ્યાર્થિની બહેનોને દરેક વિભાગના વિભાગીય વડાઓ દ્વારા સંસ્થાનો પરિચય, શિક્ષણ વ્યવસ્થા, કોલેજના નીતિ–નિયમો ઉપરાંત કોલેજના **ધ્યેય અને દષ્ટિકોણ (Mission and Vision)** વિષે માહિતગાર કરવામાં આવી. ઉપરાંત પોતાના વિભાગના અન્ય અધ્યાપકોનો પરિચય આપ્યો.
- ❖ તા.૧૬/૬/૨૦૦૯ ના રોજ કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટના પ્રાધ્યાપક શ્રી. આર.એમ.સોની તથા વર્ગ–૪ ના કર્મચારી શ્રી.બી.એ.ટાંક નિવૃતિવયના કારણે સેવાનિવૃત થતાં સમગ્ર કોલેજ પરિવારે તેમના વિદાય સમારંભનું આયોજન કરેલ હતુ. જેમાં સમગ્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ તથા ટ્રસ્ટીઓએ હાજર રહી સ્મૃતિઓને વાગોળી હતી. અને કાર્યક્રમને અંતે સર્વે સ્વરૂચી ભોજન લઇ છૂટા પડયા હતા.
- ❖ તા.૧૮/૬/૨૦૦૯ ના રોજ વિધિવત શૈક્ષણિક કાર્યની શરૂઆત કરવામાં આવી. પ્રથમ વર્ષ હોમ સાયન્સમાં અન્ય વિદ્યાશાખાની વિદ્યાર્થિની બહેનો પણ પ્રવેશ લેતી હોઇ, તેમને હોમ સાયન્સના વિષયો, માળખુ, પરીક્ષા પધ્ધતિ વગેરે વિષે માહિતગાર કરવા જરૂરી બને છે. તેથી ખાસ કરીને F.Y.B.Sc.(Home) ની વિદ્યાર્થિની બહેનોને હોમ સાયન્સના વિવિધ વિષયોથી માહિતગાર કરવામાં આવી.
- ❖ તા.૨૬/૬/૨૦૦૯ ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ કુલ વિદ્યાર્થિની બહેનો માંથી **૪૫** વિદ્યાર્થિની બહેનોએ **નેચર કલબ** માં પોતાના નામની નોંધણી કરાવતા, તેઓનું **નેચર કલબ** માં સ્વાગત કરી, કલબની પ્રવૃતિઓનો પરિચય આપી, સ્થાનિક વૃક્ષોનો પરિચય અપાયો અને ત્યારબાદ **શ્રમયજ્ઞ**નું આયોજન કરાયેલ હતું.
- ❖ આ ઉપરાંત આ જ તારીખે એટલે કે તા. ૨૬/૬/૨૦૦૯ ના રોજ **Triumphant Institute of Management Education (TIME)** ના સેન્ટર ડીરેકટર **શ્રી.હિરેનભાઇ દેસાઇ** દ્વારા

T.Y.ની વિદ્યાર્થિનીઓ માટે **CAT** તથા **GCAT** પરિક્ષાના માર્ગદર્શન માટે **સેમિનાર** યોજાયો હતો. આ સેમિનારમાં કોલેજની કુલ **૧૯૦** વિદ્યાર્થિની બહેનોએ લાભ લીધેલ હતો.

- ❖ તા.૨૮/૬/૨૦૦૯ ના રોજ કોલેજ કેમ્પસ ખાતે **N.S.S** દ્વારા પ્રથમ **શ્રમયજ્ઞ**નું આયોજન કરવામાં આવેલ હતુ. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન **N.S.S.** માં કુલ **૧૦૭** વિદ્યાર્થિની બહેનોએ રજીસ્ટ્રેશન કરાવેલુ. તેમને **N.S.S.** વિષે પ્રાથમિક માહિતી પણ આજ રોજ આપવામાં આવી હતી.
- ❖ તા.૩૦/૬/૨૦૦૯ ના રોજ કોલેજની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનો માટે **નિલેશ્વરીબેન જોષી**નું **'વિસ્તરણ કાર્યકર્તાની ફરજો'** વિષે **વ્યાખ્યાન** ગોઠવવામાં આવેલ હતુ.

**<u>July -2009</u> :**

- ❖ તા.૧/૭/૨૦૦૯ ના રોજ કોલેજ તથા **રોટરી કલબ ઓફ રાજકોટ, મીડ ટાઉન**ના સહયોગથી કોલેજ ખાતે જ એક **બ્લડ ડોનેશન કેમ્પ**નું આયોજન કરાયેલ. અગ્રણી ઉદ્યોગપતિ શ્રી આર.જે.જૈનના હસ્તે ઉદઘાટિત થયેલ આ કેમ્પમાં રોટરી કલબના વિવિધ ડોકટર્સ, કોલેજ સ્ટાફ તથા **વોલેન્ટરી બ્લડ બેન્ક**ના સંયુકત પ્રયાસના પરિણામે કુલ **૬૦ યુનિટ** રકતદાન થયુ હતુ. આ ઉપરાંત કેમ્પમાં માનવજીવનમાં રકત અને રકતદાનના મહત્વથી પણ વિદ્યાર્થિની બહેનોને વકતાઓ દ્વારા માહિતગાર કરાય હતી.
- ❖ તા.૩/૭/૨૦૦૯ ના યોજાનાર **'વનરક્ષા સહાયક'** તથા **'વનપાલ સહાયક'**ની ભરતીના ઈન્ટરવ્યુ માટે કુલ **૩૦** વિદ્યાર્થિની બહેનોને **પ્રા.ડો.સી.એમ.ઠાકરે** માર્ગદર્શન આપ્યુ હતુ.
- ❖ તા.૫/૭/૨૦૦૯ ના **નેચર કલબ**ના સભ્યો દ્વારા કોલેજ કેમ્પસ પર એક **વૃક્ષારોપણ** કાર્યક્રમનું આયોજન કરાયેલ હતુ. જેમાં કુલ **૪૩** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આ જ દિવસે તેઓ દ્વારા **No Biodegradable Material** એકત્રીત કરાયુ હતુ. ઉપરાંત કમ્પોસ્ટ ખાતર બનાવવાની પધ્ધતિ અને તેની ઉપયોગિતા વિષે માર્ગદર્શન અપાયુ હતુ.
- ❖ તા.૫/૭/૨૦૦૯ ના રોજ **N.S.S** દ્વારા કોલેજ કેમ્પસ ખાતે **વૃક્ષારોપણ** કાર્યક્રમનું આયોજન કરાયેલ હતુ. આ ઉપરાંત આજ દિવસે કેમ્પસની સાફસફાઇ પણ કરી હતી.
- ❖ તા.૬/૭/૨૦૦૯ ના **વોકહાર્ટ હોસ્પિટલ**ના **ડાયેટીશ્યન સુશ્રી. અમિષીબેન દવે**નું **'Career as Dietitian'** અંગે **વ્યાખ્યાન** યોજાયુ હતુ. જેમાં **૩૭** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.
- ❖ તા.૬/૭/૨૦૦૯ ના **નેચર કલબ** દ્વારા એક **શ્રમયજ્ઞ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં કોલેજ કેમ્પસની સફાઇ, વૃક્ષોની સંભાળ લેવા અંગે માર્ગદર્શન તથા **Indoor Plants** નું **Pot Plantation** કરાયુ હતુ. જેમાં **૪૫** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

- તા.૧૨/૭/૨૦૦૯ ના **નેચર કલબ** દ્વારા કોલેજ કેમ્પસ માંથી **Biodegradable Material** એકત્રીત કરાયુ. અને કમ્પોસ્ટ ખાતર બનાવાયુ હતુ. જેમાં કુલ **૪૪** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.
- તા.૧૨/૭/૨૦૦૯ ના રોજ **N.S.S** દ્વારા કોલેજ કેમ્પસ ખાતે **વૃક્ષારોપણ** નું આયોજન કરાયેલ હતુ.
- તા.૧૫/૭/૨૦૦૯ થી તા.૨૪/૭/૨૦૦૯ દરમ્યાન **N.C.C.** ની **૬૬** કેડેટ્સે **મવડી** ખાતે યોજાયેલ **All Training Camp (ATC)** માં ભાગ લીધેલ હતો.જેમાં તેમણે **વૃક્ષારોપણ** કર્યુ હતુ.
- તા.૧૭/૭/૨૦૦૯ ના **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**ના **Career Counseling and Development Centre (CCDC)** ના **કો–ઓર્ડિનેટર શ્રી. ડો. આર.બી.ઝાલા** દ્વારા **UPSC** તથા **GPSC** ની પરીક્ષાની તૈયારી અંગે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન સાથે એક **વ્યાખ્યાન**નું આયોજન કરાયેલ હતુ. જેમાં તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના **CCDC** વિષે તથા **UPSC, GPSC** માટે કેવી તૈયારી કરવી તથા **UPSC,GPSC** પાસ કર્યા પછી સરકારના કયા કયા વિભાગોમાં સર્વિસ ઉપલબ્ધ થઇ શકે, તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ. સમગ્ર સ્ટાફ ઉપરાંત કોલેજની **૫૫૦** વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહપૂર્વક વ્યાખ્યાનને માણ્યુ હતુ.
- તા.૩૦/૭/૨૦૦૯ ના **વોકહાર્ટ હોસ્પિટલ** ના **ડો.ભારતી પંડયા(જનરલ સર્જન),ડો.રૂબી ગુપ્તા (ગાયનેકોલોજીસ્ટ)**,ડો. સંજીવ ગુપ્તા તથા બંકીમ પુરોહિતની ઉપસ્થિતિમાં **Preventive Healthcare** અંગે એક **સેમીનારનું** આયોજન કરાયેલ હતુ. ડો.ભારતી પંડયાએ માનવશરીરની રચના, સ્ત્રીઓને થતી સામાન્ય બીમારીઓ,બ્રેસ્ટ, તેની રચના,તેની સંભાળ, બ્રેસ્ટમાં થતાં ફેરફાર, સેલ્ફ ચેક–અપ, સાવચેતી, બ્રેસ્ટ કેન્સર, કારણો વગેરેની પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અને ફીગર્સ દ્વારા ખૂબ જ સુંદર અને સરળ રીતે સમજૂતી આપી.જયારે ડો. રૂબી ગુપ્તાએ તરૂણાવસ્થાનો વિસ્તૃત અર્થ,તે સમય દરમ્યાન ઉભી થતી સમસ્યાઓ, તરૂણો દ્વારા અનુભવાતા વિચારો, કલ્પના અને તરૂણની જવાબદારીને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજાવી.
  આ કાર્યક્રમમાં સમગ્ર સાયન્સ અને હોમ સાયન્સ કોલેજની **૫૫૦** વિદ્યાર્થિની બહેનો તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ સક્રિય ભાગ લીધો હતો.

**<u>August-2009</u> :**

- તા.૩ અને ૪ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ **ICDS** સંચાલિત **આંગણવાડી**ની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનોએ **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.
- તા.૪/૮/૨૦૦૯ થી તા. ૧૪/૮/૨૦૦૯ દરમ્યાન **N.C.C.** ની કુલ ૦૪ કેડેટ્સ **મવડી** ગામે **Thal Sena Camp (TSC)** માં ટ્રેનિંગમાં ગયેલી.
- તા.૭/૮/૨૦૦૯ ના **N.S.S** દ્વારા કોલેજ કેમ્પસ પર **શ્રમયજ્ઞ**નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

- તા.૮/૮/૨૦૦૯ ના **અમદાવાદ** ખાતે **ગુજરાત સ્ટેટ એમેચ્યોર બોકસીંગ કોમ્પીટીશન** માં આપણી કોલેજની કુલ **૦૭** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લઇ **જનરલ ચેમ્પીયનશીપ** મેળવેલ હતી. જેમાં **કુ.ચાંદની જાપડીયા–ગોલ્ડ મેડલ, કુ.દિક્ષિતા વાજા–ગોલ્ડ મેડલ,કુ.પ્રિયંકા બાસીડા–સીલ્વર મેડલ, કુ.પુનમ જુડાસિયા– સિલ્વર મેડલ, કુ.ઝંખના પ્રજાપતિ–સિલ્વર મેડલ, કુ.તેજલ સોલંકી– સિલ્વર મેડલ** તથા **કુ.ધારા ડઢાણિયા–બ્રોન્ઝ મેડલ** મેળવી કોલેજનું ગૌરવ વધારેલ હતુ.
- તા.૧૬/૮/૨૦૦૯ થી તા.૨૭/૮/૨૦૦૯ સુધી **N.C.C.** ની **૦૧** કેડેટ્રે **ભાવનગર** ખાતે આર્મી ટ્રેનિંગ લીધી હતી.
- તા.૧૮/૮/૨૦૦૯ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ **જુડો** (બહેનો) સ્પર્ધાનું આયોજન **શ્રીમતી આર.આર.પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાજકોટ** ખાતે કરાયેલ હતુ. જેમાં આપણી કોલેજની કુલ **૧૦** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ હતો. તેમાં **કુ. દિક્ષિતા વાજા** એ **૫૭ કીલો.** કેટેગરીમાં **દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કરેલ હતુ.
- તા.૨૦/૮/૨૦૦૯ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના **CCDC** દ્વારા **Saurashtra University Competitive Awareness Test (SUCEAT)** લેવાઇ હતી. જેમાં આપણી કોલેજની કુલ **૨૫૭** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં ૫૦% કે તેનાથી વધારે ગુણ મેળવનાર કુલ **૯૫** વિદ્યાર્થિની બહેનોને યુનિવર્સિટી તરફથી મેરીટ સર્ટીફીકેટ એનાયત કરાયા હતા.
- તા.૨૧ અને ૨૨ ઓગસ્ટ ૨૦૦૯ ના કોલેજ ખાતે બેદિવસીય **'બોન હેલ્થ ચેક–અપ કેમ્પ'** નું આયોજન કરાયેલ હતુ. જેમાં તૃતિય વર્ષ સાયન્સ તથા હોમ સાયન્સની કુલ **૨૦૦** વિદ્યાર્થિની બહેનો તથા સ્ટાફમિત્રોના બોર્ન હેલ્થનું ચેક–અપ કરી, તેમના શરીરમાં રહેલ કેલ્શીયમના પ્રમાણની જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત જે જે વ્યકિતને કેલ્શીયમની ખામી જણાય તેમને દવા, ખાદ્યપદાર્થ ઉપરાંત કેવા વ્યાયામ વગેરેથી કેલ્શીયમ મળી શકે અને શરીરમાં યોગ્ય રીતે શોષાઇ શકે તેની જાણકારી પણ **Novartis India Company** માંથી આવેલા **શ્રી. અતુલભાઇ વ્યાસ** દ્વારા અપાઇ હતી.
- તા.૨૩/૮/૨૦૦૯ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ **સોફટ બોલ** સ્પર્ધાનું આયોજન **એસ.ઇ.ટી.મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જૂનાગઢ** ખાતે થયેલ હતુ. જેમાં આપણી કોલેજની કુલ **૧૫** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં **કુ. ધારા ડઢાણીયા** સોફટ બોલ સ્પર્ધામાં સુંદર દેખાવ કરીને **આંતર યુનિવર્સિટી** સ્પર્ધામાં પસંદગી પામેલ હતા.
- તા.૨૭ અને ૨૯ ઓગસ્ટ ૨૦૦૯ ના **જલધારા** દ્વારા આયોજીત તથા **સુશ્રી. નિમિષાબેન ત્રિવેદી,મુંબઇ** ના માર્ગદર્શન હેઠળ અને **પીડીલાઇટ** કંપનીના સહયોગથી **ફેબ્રીક પેઇન્ટિંગ** ના બેદિવસીય **વર્કશોપ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં કુલ ૮૭ વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

❖ તા.૨૮/૮/૨૦૦૯ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ **બાસ્કેટ બોલ** (બહેનો) સ્પર્ધા **શ્રી. જી.એસ. ગોસર ગોસરાણી કોલેજ, જામનગર** ખાતે યોજાયેલ હતી. જેમાં આપણી કોલેજની કુલ **૧૨** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં **કુ.નિકેતા ગઢિયા ( શ્રીમતી એસ.બી.ગાર્ડી ઇન્સ્ટીટયુટ ઓફ હોમ સાયન્સ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)** તથા **કુ.નીતા ઠુમ્મરે** બાસ્કેટ બોલ સ્પર્ધામાં સુંદર દેખાવ કરીને **આંતર યુનિવર્સિટી** સ્પર્ધામાં પસંદગી પામેલ હતા.

❖ તા.૨૮ અને ૨૯ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ કોલેજની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનોએ **વાસાણી ફોરવર્ડ સ્કુલ** ના નર્સરી વિભાગમાં અભ્યાસ કરતા બાળકોના વિકાસનો અભ્યાસ કરવા માટે **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.

❖ ઓગસ્ટ ૨૦૦૯ ના **'ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયા,ડીપાર્ટમેન્ટ ઓફ એટમીક એનર્જી કમીશન'** અને **'ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર'** ના સંયુકત ઉપક્રમે આયોજીત ૨૧મી **'ઓલ ઇન્ડિયા એસે કોમ્પીટીશન'**માં **'Laser '** વિષય ઉપર **કુ.જીજ્ઞા સાવલીયા** એ ભાગ લીધો હતો.

## September-2009 :

❖ તા.૨ અને ૩ સપ્ટેમ્બર ૨૦૦૯ ના કોલેજની કુલ **૮૫** વિદ્યાર્થિની બહેનોએ અનુક્રમે **બારદાનવાલા સ્કુલ** તથા **કોટેચા સ્કુલ** ની ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ની આશરે ૯૦૦ વિદ્યાર્થિની બહેનો માટે **પપેટ શો,પોષક તત્વો ની જાણકારી,વિવિધ વાનગીઓનું નિદર્શન** તથા **વેસ્ટ માંથી બેસ્ટ** વસ્તુ બનાવવાના **વર્કશોપ**નું આયોજન કરી, તેમને તે અંગે જ્ઞાન અને માહિતી આપી હતી.

❖ તા.૩/૯/૨૦૦૯ ના **ક્રાઇસ્ટ કોલેજ, રાજકોટ** ખાતે **ઇન્ટર કોલેજીયેટ પોસ્ટર પ્રેઝન્ટેશન કોમ્પીટીશન 'રીસેન્ટ એડવાન્સીસ ઇન કેમેસ્ટ્રી'** વિષય અંતર્ગત યોજાયેલ હતી.જેમાં **કેમેસ્ટ્રી** ડીપાર્ટમેન્ટની

- **કુ.પ્રિયંકા ટીંબડીયા, કુ.નેહા સાવરીયા, કુ. ઉર્વશી શુકલા** તથા **કુ.કાજલ અઘેરા–'Recent Advances for Determination of New Compounds'**
- **કુ.માધુરી જીમુલીયા,કુ.કૃતિકા ચૌહાણ** અને **કુ.પૂજા જાની–'Bucky Balls : History, Discovery & Recent Applications'**
- **કુ.હિરવા ઓઝા,કુ.વીરાલી રાઠોડ,કુ.વિભુતિ પટેલ** તથા **કુ.વાસવદત્તા રામાનુજ– 'Recent Advances-New Drugs & Its Structures'**
- **કુ.હેતા પુરોહિત,કુ.મિતલ ડાકા,કુ.ચાંદની સાંજા** તથા **કુ.અંકિતા રાયજાદા–'Anabolic Steroids : Use, Abuse and Chemistry'**
- **કુ.દિપાલી દેસાઇ,કુ.ખુશ્બુ ગઢેચા, કુ.હિરલ ભોરણીયા** તથા **કુ.આશિકા પરમાર–'Use of Nanotechnology in Drug-Delivery'**
- **કુ.શિવાની શાહી** તથા **કુ.રિધ્ધિ લાંગા–'Dicer Molecules'**

વગેરેએ પોતાના પોસ્ટર્સ રજુ કરેલ હતા. આ પ્રેઝન્ટેશનમાં કુલ **૪૫ પોસ્ટર્સ** રજુ થયેલ. જેમાં **કુ.હેતા પુરોહિત**ના ગ્રુપે **પ્રથમ સ્થાન** તથા **કુ. શિવાની શાહી**ના ગ્રુપે **તૃતિય સ્થાન** પ્રાપ્ત કરી, કોલેજને ગૌરવ અપાવ્યુ હતુ.

- ❖ તા.૫/૯/૨૦૦૯ ના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનૂના જન્મદિને **'શિક્ષક દિન'** ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર સાયન્સ તથા હોમ સાયન્સની વિદ્યાર્થિની બહેનોએ પ્રિન્સીપાલ અને ટીચીંગ સ્ટાફની ભૂમિકા ભજવી હતી. ઉજવણીના અંતે બન્ને વિભાગે એક નાનકડા સમારંભનું આયોજન કરેલ હતુ. જેમાં વિદ્યાર્થિની બહેનોએ રીફ્રેશમેન્ટ સહિતની સુંદર વ્યવસ્થા દ્વારા પોતાનામાં રહેલ લીડરશીપ અને મેનેજમેન્ટના ગુણોનો પરિચય કરાવ્યો હતો.
- ❖ તા.૬/૯/૨૦૦૯ ના રોજ **'ગુજરાત સ્ટેટ રેસલીંગ ટ્રાયલ ફોર સિનીયર મેન એન્ડ વિમેન'** સ્પર્ધા **રેસલીંગ હોલ, મહાત્મા ગાંધી વિદ્યા મંદિર, ગાંધીનગર** ખાતે યોજાયેલ હતી. જેમાં આપણી કોલેજની કુલ **૧૦** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આપણી કોલેજને **જનરલ ચેમ્પીયનશીપ** મળી હતી.
- ❖ તા.૬/૯/૨૦૦૯ ના રોજ **N.S.S.** દ્વારા કોલેજ કેમ્પસ પર **શ્રમયજ્ઞ**નું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- ❖ તા.૭/૯/૨૦૦૯ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ **હેન્ડબોલ** (બહેનો) સ્પર્ધાનું આયોજન **શ્રી.પી.ડી.માલવીયા કોમર્સ કોલેજ,રાજકોટ** ખાતે કરાયેલ હતુ. જેમાં આપણી કોલેજની કુલ **૧૨** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. તેમાં **કુ.ગુલાબ સાંકડિયા** એ હેન્ડબોલ સ્પર્ધામાં સારો દેખાવ કરતા **આંતર યુનિવર્સિટી** સ્પર્ધામાં પસંદગી પામેલ હતા.
- ❖ તા.૯/૯/૨૦૦૯ ના રોજ કોલેજની કુલ **૧૦૧** વિદ્યાર્થિની બહેનોએ **'ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી'** માં ચાલતા **'માતૃ કલ્યાણ–બાલ કલ્યાણ કેન્દ્ર'** દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ અને સેવાઓની જાણકારી મેળવી હતી.
- ❖ તા.૧૧/૯/૨૦૦૯ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના **N.S.S.** વિભાગ દ્વારા આપણી જ કોલેજના ઓડીટોરીયમ હોલમાં આયોજીત એક દિવસના **યુવા અસ્મિતા સમારોહ** નું આયોજન કરાયેલ હતુ. જેમાં **N.S.S.** પ્રોગ્રામ ઓફિસર તથા ૦૬ સ્વયંસેવિકા બહેનોએ ભાગ લીધો હતો.
- ❖ તા.૧૨/૯/૨૦૦૯ ના **'ઇન્કમ જનરેટીંગ પોગ્રામ'** અંતર્ગત **'સેન્ટર ઓફ જવેલરી ડિઝાઇન'** ના **શ્રી. વિમલભાઇ મહેતા** દ્વારા મલ્ટી મિડિયાની મદદથી જુદી જુદી ડિઝાઇનનું નિદર્શન અને ડિઝાઇન બનાવતા શીખવવા માટે એક **વર્કશોપ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં કુલ **૧૦૧** વિદ્યાર્થિની બહેનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઉપરાંત વિદ્યાર્થિની બહેનોએ પણ જવેલરીની ડિઝાઇન તૈયાર કરી હતી. ડિઝાઇનથી પ્રભાવિત વિમલભાઇએ પોતે ૧૦ વિદ્યાર્થિની બહેનોને આશ્વાસન ઇનામ આપવાની જાહેરાત કરી વિદ્યાર્થિની બહેનોને પ્રોત્સાહિત કરી હતી.
- ❖ તા.૧૨/૯/૨૦૦૯ ના **N.C.C.** ની કુલ ૧૯ કેડેટ્સ દ્વારા' **Anti Drug Street Play** ' નું રાજકોટના જુદા જુદા સ્લમ વિસ્તારોમાં આયોજન કરાયેલ હતુ.
- ❖ તા.૧૮/૯/૨૦૦૯ ના પરંપરાગત નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સાયન્સ તથા હોમ સાયન્સની વિદ્યાર્થિની બહેનો માટે એક **ઇન્ટર કલાસ રાસગરબા હરિફાઇ**નું આયોજન થયેલ

હતુ. જેમાં વિદ્યાર્થિની બહેનો દ્વારા નવરાત્રીની ઉજવણીના પ્રતિકરૂપ **નવ કૃતિઓ** રજુ કરવામાં આવી હતી. **T.Y.B.Sc. (General Home Science )** ની વિદ્યાર્થિની બહેનોના ગ્રુપને **પ્રથમ સ્થાન**, **S.Y.B.Sc.** ની વિદ્યાર્થિની બહેનોના ગ્રુપને **દ્વિતિય સ્થાન**,તથા **S.Y.B.Sc. (Home Science)** ની વિદ્યાર્થિની બહેનોના ગ્રુપને **તૃતિય સ્થાન** પ્રાપ્ત થયેલ હતુ. ત્રણેય ગ્રુપને સંસ્થા તરફથી રોકડ પુરસ્કાર ઉપરાંત વિજેતા ગ્રુપ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થિની બહેનોને શ્રી. જલારામ ઉચ્ચ કેળવણી મંડળ તરફથી વાસણની લ્હાણી આપી પ્રોત્સાહિત કરાય હતી.

આ સ્પર્ધામાં સુશ્રી.પલ્લવીબેન વ્યાસ, સુશ્રી. હીનાબેન રાવલ તથા સુશ્રી. જુઇબેન માંકડે નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

❖ તા.૨૬/૯/૨૦૦૯ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ **હોકી** (બહેનો) સ્પર્ધાનું આયોજન **માતુશ્રી વીરબાઇમા મહિલા આર્ટસ કોલેજ, રાજકોટ** ખાતે કરાયેલ હતુ. જેમાં આપણી કોલેજની કુલ **૧૧** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. તેમાં **કુ.દિક્ષિતા સરવૈયા** એ સ્પર્ધામાં સારો દેખાવ કરતા **આંતર યુનિવર્સિટી** સ્પર્ધામાં પસંદગી પામેલ હતા.

## <u>October-2009</u> :

❖ તા. ૨ અને ૩ ઓકટોબર ૨૦૦૯ ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** ના **૪૦ મા યુવક મહોત્સવ** નિમિતે **ઉત્તર ઝોન** ની વિવિધ સ્પર્ધાઓ **શ્રીમતી એસ.જે. વરમોરા મહિલા કોલેજ,વઢવાણ** ખાતે યોજાઇ હતી. જેમાં વિવિધ **૧૮** સ્પર્ધાઓમાં આપણી કોલેજની લગભગ **૪૮** વિદ્યાર્થિની બહેનો એ ભાગ લીધો હતો. જેમાં કલા વિભાગમાં **કલે મોડેલીંગ** સ્પર્ધામાં **F.Y.B.Sc. . (Home Science)** ની **કુ. કૈલાશ અજુડિયા** એ **દ્વિતિય સ્થાન** મેળવેલ હતુ.

જયારે સાંસ્કૃતિક વિભાગમાં આપણી કોલેજે **સમૂહ નૃત્ય 'ચિરમી'** માં **પ્રથમ સ્થાન** તેમજ **મુક અભિનય (માઇમ)** તથા **વેસ્ટર્ન સોંગ**માં **તૃતિય સ્થાન** મેળવેલ હતુ.

સમૂહ નૃત્યમાં **કુ. શિવાની શાહી, કુ.કૃતિકા ,ચૌહાણ,કુ.માધુરી જીમુલિયા, કુ.રિધ્ધિ લાંગા, કુ.હીના પડિયા , કુ.નિરિક્ષા માલમ, કુ.એકતાબા જાડેજા, કુ.મિતલ પારધી, કુ.સુમન અજાણી, કુ.પદમીની ગોહેલ, કુ.ખ્યાતિ પારેખ, કુ.વૃતિ ચાંદ્રાણી,કુ.નિશા ત્રિવેદી કુ.સુરભી લીંબાસીયા** તથા

વેસ્ટર્ન ગ્રુપ સોંગમાં **કુ.શિવાની શાહી,કુ.માધુરી જીમુલિયા, કુ.રિધ્ધિ લાંગા, કુ.કૃતિકા ચૌહાણ, કુ.દિક્ષિતા વાજા** તથા

મૂક અભિનય માં **કુ.રશ્મિ ઉમરાડિયા, કુ.મીરા સોરઠીયા, કુ.ભાવિકા દાવડા, કુ.પૂર્વિતા સાગર, કુ.મૌસમી ખાંટ, કુ.એકતા ખાંટ** એ પોતાની ઉત્કૃષ્ટ કલાનું પ્રદર્શન કરી યુવક મહોત્સવમાં સ્થાન પ્રાપ્ત કર્યુ.

**યુવક મહોત્સવ** ની **ઇન્ટર ઝોન** સ્પર્ધાઓ તા. ૧૦/૧૦/૨૦૦૯ ના રોજ **સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત જોષીપુરા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, જૂનાગઢ** ખાતે યોજાયેલ હતી. જેમાં ઉત્તર ઝોન સ્પર્ધાની વિજેતા વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલો.જેમાં **કુ.**

**કૈલાશ અજુડિયા** એ **કલે મોડેલીંગ** માં **પ્રથમ સ્થાન** તેમજ **સમૂહ નૃત્ય 'ચિરમી'** એ **પ્રથમ સ્થાન** મેળવેલ હતુ.

- તા.૫/૧૦/૨૦૦૯ ના રોજ પહેલા, ત્રીજા તથા પાંચમા સેમેસ્ટરની તૈયારીના ભાગરૂપે **પ્રથમ ટેસ્ટ**નું આયોજન કરાયેલ હતુ.
- તા.૧૨/૧૦/૨૦૦૯ ના રોજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હિરક જયંતી મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે **Science Perfection-2009** નું આયોજન થયેલ હતુ. તેને અનુલક્ષીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ **ક્રાઈસ્ટ કોલેજ,રાજકોટ** ખાતે યોજેલ **'પોસ્ટર મેકીંગ'** તથા **'કવીઝ'** માં આપણી કોલેજની **કુ.સ્મિતા મણવર,કુ.વિધી મહેતા, કુ.ખ્યાતિ વ્યાસ** તથા **કુ.રીમા રાઠોડ–'Our Planetary Earth'** પર પોતાના પોસ્ટર્સ રજુ કરેલ હતા.

  આજ કોન્ફરન્સમાં યોજાયેલ **કવીઝ** માં **કુ.ચાંદની સાંજા,કુ.રિધ્ધિ સંપટ** તથા **કુ.ચાંદની સાંડયા**એ ભાગ લીધો હતો. આ કવીઝ કોમ્પીટીશનમાં વિદ્યાર્થિની બહેનો ફાઈનલ સુધી પહોચી હતી.
- તા.૧૪/૧૦/૨૦૦૯ ના રોજ માઈક્રોબાયોલોજી ડીપાર્ટમેન્ટના પ્રાધ્યાપક શ્રી. જે.એસ.જોષી નિવૃતિવયના કારણે સેવાનિવૃત થતાં સમગ્ર કોલેજ પરિવારે તેમના વિદાય સમારંભનું આયોજન કરેલ હતુ. જેમાં સમગ્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ તથા ટ્રસ્ટીઓએ હાજર રહી સ્મૃતિઓને વાગોળી હતી. અને કાર્યક્રમને અંતે સર્વે સ્વરૂચી ભોજન લઈ છૂટા પડયા હતા.

**<u>November-2009</u> :**

- તા. ૪ થી ૧૩ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન **N.C.C.** ની કુલ ૦૭ કેડેટ્સે **Republic Day Camp (RDC) મવડી** ખાતે ટ્રેનીંગ લીધી હતી.
- તા. ૮ થી ૧૮ નવેમ્બર ૨૦૦૯ ના રોજ **N.C.C.** ની કુલ ૦૪ કેડેટ્સે **બિહાર** ખાતે યોજાયેલ **Basic Leadership Camp (BLC)** માં ભાગ લીધો હતો.
- તા.૨૬ અને ૨૭ નવેમ્બર ૨૦૦૯ ના બેદિવસીય **ડેન્ટલ ચેક–અપ કેમ્પ** નું **IQAC** હેઠળ આયોજન કરાયેલ હતુ. જેમાં રાજકોટ શહેરના પ્રખ્યાત **ડેન્ટીસ્ટ** દંપતિ **ડો. નિરવભાઈ ગણાત્રા** તથા **ડો. પુનમબેન ગણાત્રા**એ સતત બે દિવસ દરમ્યાન માં કુલ ૮૦ વિદ્યાર્થિની બહેનો તથા સ્ટાફમિત્રોના દાંતનું ચેક–અપ,તેમને મુંઝવતા પ્રશ્નોના સંતોષજનક જવાબો, સલાહ સુચનો તથા જનરલ હાઈજીનની માહિતી આપી હતી.

**<u>December-2009</u> :**

- તા.૪ અને ૫ ડીસેમ્બર ૨૦૦૯ ના રોજ કોલેજની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનો એ રૈયા ચોકડી પાસે આવેલ **શ્રી. મહિલા પાપડ ગૃહ ઉદ્યોગ**ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.

❖ તા.૮/૧૨/૨૦૦૯ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ **ક્રિકેટ** (બહેનો) સ્પર્ધાનું આયોજન **માતુશ્રી વીરબાઇમા મહિલા આર્ટસ કોલેજ, રાજકોટ** ખાતે કરાયેલ હતુ. જેમાં આપણી કોલેજની કુલ **૧૬** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. તેમાં **કુ. પુનમ જુડાસિયા** એ સ્પર્ધામાં સારો દેખાવ કરતા **આંતર યુનિવર્સિટી** સ્પર્ધામાં પસંદગી પામેલ હતા.

❖ તા.૮,૯ તથા ૧૦ ડીસેમ્બર ૨૦૦૯ ના કોલેજની ૯૩ વિદ્યાર્થિની બહેનોએ **ગર્વમેન્ટ ઓફ ગુજરાત** દ્વારા સંચાલીત પેડક રોડ, રાજકોટ ખાતે આવેલ **પોલ્ટી ફાર્મ** ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.

આ મુલાકાતના આધારે વિદ્યાર્થિની બહેનોએ પ્રોજેકટ,મોડેલ તથા ચાર્ટસ બનાવ્યા હતા.જેમ કે, Poultry farm deep liter system, Waterer, Feeder, Brooder, Candling વગેરે.

❖ તા.૧૦ થી ૧૯ ડીસેમ્બર ૨૦૦૯ ના **મવડી** ખાતે યોજાયેલ **N.C.C.** કેમ્પમાં કુલ **૨૮** કેડેટસે ભાગ લીધો હતો. જેમાં યોજાયેલ **સાંસ્કૃતિક કાર્યક્રમ**માં પણ આપણી કોલેજની વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

❖ તા.૧૨/૧૨/૨૦૦૯ ના રોજ **લોકવિજ્ઞાન કેન્દ્ર**ના અધ્યક્ષ શ્રી. **ડો.રમેશભાઇ ભાયાણી**એ કોલેજ ખાતે જ **'ફુડ એડલ્ટ્રેશન'** અંગે **વ્યાખ્યાન** આપી, ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને તેની ચકાસણી કરવાની રીતોનું નિદર્શન કર્યુ હતુ. આ વ્યાખ્યાનમાં કુલ **૯૫** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

❖ તા.૧૪ થી ૨૦ ડીસેમ્બર ૨૦૦૯ દરમ્યાન **મુંબઇ** ખાતે યોજાયેલ **ઇન્ટર યુનિવર્સિટી યુવક મહોત્સવ** માં **સમૂહ નૃત્ય 'ચિરમી'** રજુ કરવામાં આવ્યુ હતુ.

❖ તા.૧૬ થી ૨૪ ડીસેમ્બર ૨૦૦૯ દરમ્યાન કોલેજ ખાતે જ **કેનીંગ–બોટલીંગ** ના એક **વર્કશોપ** નું આયોજન અભ્યાસક્રમના ભાગરૂપે તથા **ઇન્કમ જનરેટીંગ પ્રોગ્રામ** અંતર્ગત કરાયેલ હતુ. જેમાં **ગુજરાત સરકાર** ના **બાગાયત ખાતા** તરફથી **શ્રી. ગુંગાભાઇ** એ વર્કશોપમાં વિદ્યાર્થિની બહેનોને વિવિધ શાક અને ફળોના જામ, જેલી, અથાણાં, સ્કવોશ, સરબત, સોસ, ચટની વગેરે બનાવતા શીખવ્યુ હતુ. આ વર્કશોપમાં કુલ **૪૪** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. અને વર્કશોપના અંતે વિદ્યાર્થિની બહેનોને સર્ટીફીકેટ એનાયત કરાયેલ હતા.

❖ તા.૧૮/૧૨/૨૦૦૯ ના રોજ **'ઇન્કમ જનરેટીંગ પ્રોગ્રામ'** અંતર્ગત એક **ઇકો–ફ્રેન્ડલી પ્રોડકટસ નું એકઝીબીશન** તથા **ડેમોન્સ્ટ્રેશન** રાખવામાં આવ્યુ હતુ. જેમાં **શ્રીમતી રાધાબેન જેઠવાની** તથા તેમના મેન્ટલી ચેલેન્જડ પુત્ર **શ્રી. સુનીલ જેઠવાની** દ્વારા કાગળ અને પૂઠ્ઠા જેવા ઈકો–ફ્રેન્ડલી મટીરીયલ્સમાંથી ડાયરી, ફાઇલ, ફોલ્ડર્સ, એન્વોલપ વગેરે જેવી ચીજ વસ્તુઓ નું **એકઝીબીશન** તથા **ડેમોન્સ્ટ્રેશન** કરાયેલ હતુ. આ કાર્યક્રમમાં સમગ્ર કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

❖ તા. ૧૯/૧૨/૨૦૦૯ ના રોજ કોલેજની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનોએ ગોંડલ રોડ ઉપર આવેલ **વીરાણી બહેરા મુંગા શાળા** તથા **શ્રી. વી.ડી.પારેખ અંધ મહિલા વિકાસગૃહ** ની **શૈક્ષણિક મુલાકાત** લીધેલ હતી.

❖ તા. ૧૯/૧૨/૨૦૦૯ ના રોજ **એમ. એન્ડ એન. વીરાણી સાયન્સ કોલેજ,રાજકોટ** ખાતે **UGC** પ્રાયોજિત એક **સ્ટેટ લેવલ** ની **કોન્ફરન્સ ‘Green Chemistry : Challenges and Solutions’** નું આયોજન થયેલ.

જેમાં **માઇક્રોબાયોલોજી** ડીપાર્ટમેન્ટની

- **કુ.હીરલદેવી** જાડેજા તથા **કુ.મીતલ રૂપારેલીયા– ‘Solid Waste Management’** તથા
- **કુ.અવની સોજીત્રા** તથા **કુ.ચાર્મી માલવીયા– 'Water Pollution Caused by Industrial Effluents’** અને
- **કુ.રિધ્ધી લાંગા** તથા **કુ.માધુરી જીમુલીયા– ‘Biodiesel the Best Invention of Green Chemistry’** પર **પોસ્ટર્સ** રજુ કરેલ.

**કેમેસ્ટ્રી** ડીપાર્ટમેન્ટની

- **કુ.દિપાલી દેસાઇ** તથા **કુ.હીરલ ભોરણીયા–'Eco-friendly Biodegradable Polymers’**
- **કુ.વીરાલી રાઠોડ** તથા **કુ.વાસવદત્તા રામાનુજ– 'Green Chemistry-Using Lasers to Detect Explosives & Hazards Waste '**
- **કુ.પ્રિયંકા ટીંબડીયા** તથા **કુ.કાજલ અઘેરા– ' Recyclization of Polymers '**
- **કુ.મિતલ** ડાકા તથા **કુ.દર્શના બાણુગરીયા– ' OTEC-An Energy Source '**
- **કુ.ઉપમા પટોળીયા– ' General Status of Global Worming & Its Effects on Environment '**
- **કુ.હેતા પુરોહિત** તથા **કુ.અંકિતા** રાયજાદા**– 'Carbon Capture and Storage (CCS) '** પર **પોસ્ટર્સ** રજુ કરેલ.

**ફીઝીકસ** ડીપાર્ટમેન્ટની

- **કુ.મેઘા છાંટબાર– ' Hydroponics '**
- **કુ.ભૂમિ ગોહેલ,કુ.ચાંદની સાંડયા, કુ.ઇશીતા વેકરીયા** તથા **કુ.વૈશાલી પેઢરીયા–'Preservation of Ozone Layer '** પર **પોસ્ટર્સ** રજુ કરેલ હતા.

❖ તા.૨૩/૧૨/૨૦૦૯ ના રોજ **૫૮** વિદ્યાર્થિની બહેનોને **'આનંદી'** સંસ્થાના ડાયરેકટર **સુશ્રી. સુમિત્રાબેન ઠકકરે** સંસ્થા અને સંસ્થા દ્વારા થતાં વિવિધ કાર્યો વિષે **વ્યાખ્યાન** અને **વાર્તાલાપ** કર્યો હતો.

❖ તા.૨૩ અને ૨૪ ડીસેમ્બર ૨૦૦૯ ના રોજ **પ્રવિણ પ્રકાશન** તરફથી **શ્રી. જીતુભાઇ ગણાત્રા** અને **IQAC** ના સંયુકત ઉપકમે બેદિવસીય **પુસ્તક મેળા** નું આયોજન કરેલ હતુ. જેમાં વિવિધ વિષયોના પુસ્તકોને વેચાણ અર્થે પ્રદર્શિત કરેલા. બે દિવસ દરમ્યાન સાયન્સ તથા હોમ સાયન્સની **તમામ વિદ્યાર્થિનીઓ** તથા સ્ટાફમિત્રોએ પુસ્તકોની ખરીદી કરી ભરપુર લાભ ઉઠાવેલ હતો. બે દિવસના અંતે રૂા. ૧૫,૦૦૦/– ના લગભગ ૩૦૦ પુસ્તકોનુ વેચાણ થયેલુ.

- ❖ તા.૨૩ અને ૩૧ ડીસેમ્બર ૨૦૦૯ ના **૮૫** વિદ્યાર્થિની બહેનોએ **'બચપન પ્લે હાઉસ'** ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી. અને ત્યાંના બાળકોને ચાર્ટ અને પોસ્ટર્સ દ્વારા શિક્ષણ સાથે મનોરંજન આપ્યુ હતુ.
- ❖ તા.૨૪/૧૨/૨૦૦૯ ના રોજ કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનોને **શ્રી. હેમલભાઇ તન્ના** દ્વારા **'સ્વ સંચય જુથ'** અને તેની કામગીરી અંગે **વ્યાખ્યાન** આપ્યુ હતુ.
- ❖ તા.૨૮/૧૨/૨૦૦૯ ના **ભકિતનગર સ્ટેશન,રાજકોટ** ખાતે **HIV Awareness Program** ના અનુસંધાને **'રેડ રીબન એકસપ્રેસ'** ના ઉદ્‌ઘાટન અને રેલીના ઉપક્રમે કોલેજની **૦૫** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.
- ❖ ડીસેમ્બર ૨૦૦૯ ના રોજ **'પર્યાવરણ સંરક્ષણ સંસ્થા'** દ્વારા આયોજીત પર્યાવરણ વિષયને લગતા અલગ અલગ ચાર ટોપીક ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન થયેલ હતુ. જેમાં આપણી કોલેજની કુલ **૦૭** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. જેમાંથી **૦૫** વિદ્યાર્થિની બહેનોને**'B'** ગ્રેડ પ્રાપ્ત થયેલ હતો. **કુ. શ્રુતિ સૈજા –B** ગ્રેડ, **કુ.ચિંતલ કાલરીયા– B** ગ્રેડ, **કુ. સ્નેહા કાલરીયા– B** ગ્રેડ, **કુ.જીજ્ઞાશા પટેલ– B** ગ્રેડ,**કુ.જીંકલ પટેલ– B** ગ્રેડ, **કુ. ચિંતલ ડઢાણિયા,કુ. મીના રાજકોટીયા** એ ભાગ લીધો હતો.

**<u>January-2010</u> :**

- ❖ તા.૨/૧/૨૦૧૦ GF કોલેજની કુલ **૧૧૦** વિદ્યાર્થિની બહેનોએ **'હેલ્થ એન્ડ સેનીટેશન'** ના અંતર્ગત કાલાવડ રોડ સ્થિત **ન્યારી ફિલ્ટર પ્લાન્ટ** ની **શૈક્ષણિક મુલાકાત** લઇ, વોટર પ્યુરીફીકેશન અંગેની જાણકારી મેળવી હતી.
- ❖ તા.૩ અને ૪ જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત **સ્વાઇન ફલુ જાગૃતિ અભિયાન** અંતર્ગત રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં **સ્વાઇન ફલુ જાગૃતિ અભિયાન** ચલાવ્યુ હતુ.

  જેમાં **N.C.C., N.S.S.** અને **Sports** ની કુલ **૫૦** વિદ્યાર્થિની બહેનોએ રાહદારીઓ, દુકાનદારો, સ્કુલો, બેન્ક, તથા ઘરોમાં જઇ પેમ્પલેટસ અને મૌખિક સમજુતિ દ્વારા લોકોને સ્વાઇન ફલુથી બચવાના,તેના લક્ષણો તથા સારવાર અંગેની માહિતી આપી હતી.
- ❖ તા.૬/૧/૨૦૧૦ ના હોમ સાયન્સના પ્રાધ્યાપક તથા કોલેજ ખાતેના **N.S.S.** ઓફીસર ડો. યુ.સી.ભોયાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટમાં રીડર તરીકેની નિમંણૂક થતાં તેમની વિદાય સમારંભનો એક કાર્યક્રમ આયોજીત કરેલ. જેમાં સમગ્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ તથા ટ્રસ્ટીઓએ હાજર રહી સ્મૃતિઓને વાગોળી હતી. અને કાર્યક્રમને અંતે સર્વે સ્વરૂચી ભોજન લઇ છૂટા પડયા હતા.
- ❖ તા.૭/૧/૨૦૧૦ ના રોજ કોલેજની કુલ **૫૦** વિદ્યાર્થિની બહેનોએ અભ્યાસક્રમના અનુસંધાને તથા **'ઇન્કમ જનરેટીંગ પ્રોગ્રામ'** ના અંતર્ગત રાજકોટની પ્રખ્યાત **રાજકુમાર કોલેજ** ની બેકરી, મલ્ટી મિડિયા અને આર્ટ ગેલેરીની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી. આ મુલાકાતમાં તેમને

ડેમોન્સ્ટ્રેશન દ્વારા બેકરીની વિવિધ વાનગીઓ તથા આર્ટ વિભાગ માં કલે અને ન્યુઝ પેપર માંથી વિવિધ સુશોભનની ચીજવસ્તુઓ બનાવતા શીખવવામાં આવી હતી.

- તા.૮/૧/૨૦૧૦ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત **'સ્વાઈન ફલુ જનજાગૃતિ અભિયાન'** અંતર્ગત એક **રેલી**નું આયોજન **ધમેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ, રાજકોટ** ખાતે કરાયેલ હતુ. આ રેલીનો મુખ્ય ઉદેશ્ય સ્વાઈન ફલુને થતો રોકવા, સાવચેતી રાખવા અને તાત્કાલીક સારવાર કરવા માટે લોકોને જાગૃત કરવાનો હતો. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓ પ્લે કાર્ડ અને સુત્રોચ્ચાર સાથે રાજકોટ શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર રેલી સ્વરૂપે ફર્યા હતા. આ રેલીમાં આપણી કોલેજની કુલ **૨૪૨** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.
- તા.૮/૧/૨૦૧૦ ના રોજ કોલેજની **૪૩** વિદ્યાર્થિની બહેનોએ કાલાવડ રોડ ખાતે આવેલ **અંધ–અપંગ વૃધ્ધાશ્રમ યુનિટ નંબર–૧ ની મુલાકાત** લીધી હતી તથા સંસ્થાના સંચાલક **શ્રી. પટેલ સાહેબે** સંસ્થાનો પરિચય તથા સંસ્થા દ્વારા થતી વિવિધ પ્રવૃતિ વિશે માહિતી આપી હતી.
- તા.૮ અને ૯ જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ કોલેજની **૫૮** વિદ્યાર્થિની બહેનોએ જામ ટાવર પાસે, રાજકોટ ખાતે આવેલ **અખિલ હિન્દ મહિલા પરિષદ સંચાલિત,શ્રી.સી.યુ.શાહ વર્કીગ વુમન હોસ્ટેલ** ની **શૈક્ષણિક મુલાકાત** લીધેલ હતી. આ ઉપરાંત તેઓએ સલાહ કેન્દ્ર વિશે પણ માહિતી પ્રાપ્ત કરી હતી.
- તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા યુવા મોરચો, ગુજરાત પ્રદેશ પ્રેરિત તથા રાજકોટ મહાનગરપાલીકા આયોજીત **'સ્વર્ણિમ ગુજરાત મેરેથોન દોડ' (Golden Run of Golden Gujarat for Golden India)** નું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા રાજકોટ વિસ્તારની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થિઓના સહયોગથી યોજાયેલ હતી.
  જેમાં આશરે **૧૫૦૦** વિદ્યાર્થિઓએ ભાગ લીધો હતો.જેમાં આપણી કોલેજની કુલ **૨૪૮** વિદ્યાર્થિની બહેનોએ સ્પર્ધાની શરૂઆતથી અંત સુધી ઉત્સાહભેર દોટ લગાવી ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થિની બહેનોને રાજકોટ મહાનગરપાલીકા તરફથી સર્ટીફીકેટ તથા કેપ એનાયત કરવામાં આવ્યા હતા.
- તા.૧૨/૧/૨૦૧૦ ના રોજ કોલેજની **૪૩** વિદ્યાર્થિની બહેનોએ પ્રદ્યુમન પોલીસ સ્ટેશન પાસે આવેલ **'ઓમ બેબી કેર હોસ્પિટલ'** ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.
- તા.૧૫ અને ૧૬ જાન્યુઆરી ૨૦૧૦ ના કોલેજની **૩૭** વિદ્યાર્થિની બહેનો માટે **' કિડની ના રોગ–તેનો અટકાવ અને સારવાર'** અંગે વિખ્યાત **નેફ્રોલોજીસ્ટ ડો. સંજય પંડયા** ની **વ્યાખ્યાનમાળા**નું આયોજન કરાયેલ હતુ.
- તા.૧૬/૧/૨૦૧૦ ના કોલેજની **૫૮** વિદ્યાર્થિની બહેનોએ **એડવોકેટ શ્રી. તારકભાઈ સંવત** નું **'મહિલા અધિકારો અને બાળ અધિકારો'** અંગેનું **વ્યાખ્યાન** માણ્યુ હતુ.

- તા.૧૬/૧/૨૦૧૦ ના રોજ કોલેજની કુલ **૪૩** વિદ્યાર્થિની બહેનોએ **Red Cross Blood Bank** ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.
- તા.૧૮/૧/૨૦૧૦ ના કોલેજની **૫૮** વિદ્યાર્થિની બહેનોએ **આટકોટ** ગામે **' સ્વ સહાય જુથ'** ની **મુલાકાત** લીધી હતી અને કોલેજની વિદ્યાર્થિની બહેનો દ્વારા આ જુથની **૪૦** બહેનોને **વેસ્ટ માંથી બેસ્ટ** ના નમુના બનાવતા શીખવવામાં આવ્યા હતા.
- તા.૧૯/૧/૨૦૧૦ ના **૩૭** વિદ્યાર્થિની બહેનોએ **કીડની ફેઇલ્યર દર્દીના કેસ સ્ટડી** તથા **ડાયાલીસિસ** ની પ્રક્રિયા સમજવા ડો. **સંજય પંડયા**ની **સમર્પણ હોસ્પિટલ**ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.
- તા.૨૩ અને ૨૪ જાન્યુઆરી ૨૦૧૦ ના **એમ.જી.સાયન્સ ઇન્સ્ટીટયુટ,અમદાવાદ** ખાતે યોજાયેલ **UGC** પ્રાયોજિત **નેશનલ લેવલ કોન્ફરન્સ 'Current Trends in Microbiological Sciences'** માં **માઇક્રોબાયોલોજી** ડીપાર્ટમેન્ટની
  - **કુ.રશ્મી ઉમરાડીયા** તથા **કુ.રિધ્ધી સંપટ– 'Bioadsorption of Toxic Heavy Metals by Acidothermophyles'**
  - **કુ.હેતા પુરોહિત** તથા **કુ. હીરલદેવી જાડેજા– 'Antimicrobial Evaluation of Newly Synthesized Quinolines'** એ પોતાના પોસ્ટર્સ રજુ કર્યા હતા.
- તા.૨૪ અને ૨૫ જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ **શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ,વલસાડ** ખાતે યોજાયેલ **UGC** પ્રાયોજિત **નેશનલ લેવલ કોન્ફરન્સ 'Home De'cor'** માં **હોમ મેનેજમેન્ટ** ડીપાર્ટમેન્ટની
  - **કુ.પદમીની ગોહેલ –હોમ ડેકોરમાં 'વિવિધ રૂમોમાં પ્રકાશનું મહત્વ'** તથા
  - **કુ.પરિતા ધુલેશીયા – હોમ ડેકોરમાં 'વિવિધ રૂમોમાં રંગોનું મહત્વ'** વિષયો પર પોતાના **પોસ્ટર્સ** રજુ કર્યા હતા.
- તા.૨૬/૧/૨૦૧૦ ના રોજ **N.C.C.** કુલ **૧૪** કેડેટસે **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** ખાતે અને **૧૦** કેડેટસે **શાસ્ત્રી મેદાન** ખાતે **ગણતંત્ર દિવસ**ની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ **પરેડ**માં ભાગ લીધો હતો.
- તા.૨૬/૧/૨૦૧૦ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત **પ્રજાસત્તાક દિન સમારોહ** ની ઉજવણીમાં **માતુશ્રી વીરબાઇમા મહિલા આર્ટસ, સાયન્સ, હોમ સાયન્સ તથા કોમ્પ્યુટર,મેનેજમેન્ટ તથા આઇટી. કોલેજ**ના સંયુકત ઉપક્રમે એક **ફલોટ** પ્રદર્શિત કર્યો હતો. જેનો વિષય હતો.....**'સૌરાષ્ટ્રનુ લોકસાહિત્ય, કલાઓ, લોકનૃત્ય , લોકમેળાઓ.....'** જેમાં આપણી કોલેજે **તરણેતરનો મેળો** પસંદ કરી, ફલોટ રજુ કરેલ હતો. જેમાં આપણી કોલેજની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. આ સમારોહમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના

કુલ ૧૪ ફલોટ્સ રજુ થયા હતા. જેમાં આપણી કોલેજના ફલોટને **તૃતિય સ્થાન** પ્રાપ્ત થયેલ હતુ.

- ❖ તા.૨૭/૧/૨૦૧૦ ના કોલેજની **૩૭** વિદ્યાર્થિની બહેનો દ્વારા એક **એકઝીબીશન** નું આયોજન કરાયેલ હતુ. જેમાં **ડાયેટ થેરાપી** ના વિવિધ મુદાઓ જેવા કે, **ફુડ એકસચેન્જ, હૃદયરોગના દર્દીઓ માટે આહાર, મેદમયતા, BMI નું માપન, વિવિધ આધુનિક સાધનો જેવા કે, ઈલેકટ્રોનિક બ્લડ પ્રેશર મેઝરીંગ ઇકવીપમેન્ટ, બોડી ફેટ એનેલાઈઝર, ડાયેલાઈઝર** વગેરેનો ઉપયોગ કંઇ રીતે કરવો તેનું **ડેમોન્સ્ટ્રેશન** પણ કરવામાં આવ્યુ હતુ.
- ❖ તા.૩૦/૧/૨૦૧૦ ના રોજ **સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા** ના **સહાયક રીજીયોનલ મેનેજર શ્રી. ડી.કે. શાહ** નું **વ્યાખ્યાન** રાખવામાં આવેલુ. આ વ્યાખ્યાન માં **૫૦** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં તેમણે બેંકની કામગીરી અને બેન્કના વિવિધ ખાતાઓ વગેરે વિષે સવિસ્તાર માહિતી ઉપરાંત બેન્કમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ફોર્મ્સ ( પે ઈન સ્લીપ,વિડ્રોઅલ ફોર્મ, ATM કાર્ડ, ચેકસ) વગેરે વિષે પણ વિસ્તારપૂર્વક સમજુતી આપી હતી.
- ❖ તા.૩૦/૧/૨૦૧૦ ના રોજ **વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી શાખા,રાજકોટ** દ્વારા આયોજીત **સમર્થ ભારત પર્વ** તથા **રાષ્ટ્રીય યુવા દિન** ની ઉજવણી નિમિતે આપણી કોલેજની કુલ **૨૫** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

**<u>February-2010</u> :**

- ❖ તા.૪ અને ૫ ફેબ્રુઆરી ૨૦૧૦ ના રોજ **માતુશ્રી વીરબાઈમા મહિલા આર્ટસ, સાયન્સ, હોમ સાયન્સ, કોમર્સ, મેનેજમેન્ટ તથા કોમ્પ્યુટર કોલેજ** ના સંયુકત ઉપક્રમે બેદિવસીય **વાર્ષિકોત્સવ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં ત્રણેય કોલેજની વિદ્યાર્થિની બહેનો દ્વારા કુલ **૪૩** કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં આપણી કોલેજની કુલ **૫૮** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.અને તેમના દ્વારા ગીત, સંગીત,નૃત્ય, મૂક અભિનય અને લઘુનાટક વગેરે રજુ કરેલ હતા.

  તારીખ ૪ ના રોજ **રાજકુમાર કોલેજ** ના **પ્રિન્સીપાલ શ્રી વી.કે.ઠકકર અતિથિવિશેષ** તરીકે તથા તેમની સાથે ફ્રાન્સની સ્કુલ **Gymnse Jean Sturm, Strabourg, France** ના ચાર સભ્યો પણ ખાસ આપણી કોલેજનો સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા હાજર રહયા હતા. આ ઉપરાંત **શ્રી. જલારામ ઉચ્ચ કેળવણી મંડળના સેક્રેટરી સુશ્રી. શીલાબેન ચાંદ્રાણી ,જોઈન્ટ સેક્રેટરી શ્રી.ડો.કે.કે.ખખ્ખર તથા ટ્રસ્ટીશ્રી. ભરતભાઈ ઠકકર** વગેરે ઉપસ્થિતિ રહેલા હતા. જયારે તારીખ ૫ ના રોજ **ટ્રસ્ટીશ્રી. ભરતભાઈ ચાંદ્રાણી**એ ઉપસ્થિત રહી વિદ્યાર્થિની બહેનોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

- તા.૭/૨/૨૦૧૦ ના **શ્રીમતી એસ.બી.ગાર્ડી ઇન્સ્ટીટયુટ ઓફ હોમ સાયન્સ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ** ખાતે આયોજીત **નેશનલ લેવલની કોન્ફરન્સ ' Home Science in Social well Being '** માં કોલેજની કુલ **૦૪** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં **ફુડ એન્ડ ન્યુટ્રીશન** ડીપાર્ટમેન્ટની
    - **કુ. હીના પડીયા–'A Study on Causes of Childhood and Teenage Obesity'**
    - **કુ. પ્રિયંકા મણિયાર–'Health Status of Young Girls : With Special Aspect to Modern Life Style'** તથા

  **હોમ મેનેજમેન્ટ** ડીપાર્ટમેન્ટની
    - **કુ. પદમીની ગોહેલ– 'Make Your Household Work Less Tiring'**
    - **કુ. પરિતા ધુલેશિયા– 'બાંધો સમય મુઠ્ઠીમાં–વિદ્યાર્થી જીવનમાં'** એ પોતાના **પોસ્ટર્સ** રજુ કર્યા હતા.
- તા.૯/૨/૨૦૧૦ ના સેમેસ્ટર ત્રણ અને પાંચ તથા ફાઇનલ પરીક્ષાની તૈયારીના ભાગરૂપે **દ્વિતિય ટેસ્ટ**નું આયોજન કરાયેલ હતુ.
- તા.૧૩/૨/૨૦૧૦ ના રોજ **N.C.C.** ની કુલ **૫૫** કેડેટસે **'B'** ગ્રેડના સર્ટીફીકેટ માટેની પરીક્ષા આપેલ હતી.
- તા.૧૯/૨/૨૦૧૦ ના રોજ **૩૭** વિદ્યાર્થિની બહેનોએ **ઇન્ડિયન ઓવરસીઝ બેન્કની શૈક્ષણિક મુલાકાત** લીધી હતી. ત્યાં બેન્કના **સિનિયર મેનેજર શ્રી. વાઘેલા સાહેબે** વિદ્યાર્થિની બહેનોને બેન્ક ની વિવિધ કામગીરીનું રૂબરૂમાં નિદર્શન કરી, વિદ્યાર્થિની બહેનોને માહિતગાર કરી હતી.
- તા.૨૦/૨/૨૦૧૦ ના રોજ કોલેજની કુલ **૬૦** વિદ્યાર્થિની બહેનોને **કરવેરા** અંગે માહિતી આપવા રાજકોટના નામાંકિત **ચાર્ટર એકાઉન્ટન્ટ શ્રી. જયંતભાઇ પોપટે** પોતાનું **વ્યાખ્યાન** આપ્યુ હતુ.
- તા.૨૦ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૦ ના **મવડી** ખાતે યોજાયેલ કેમ્પમાં **N.C.C.** ની કુલ **૪૧** કેડેટસે ભાગ લીધો હતો. આ કેમ્પમાં વિદ્યાર્થિની બહેનો દ્વારા યોગનું પ્રદર્શન કરાયેલ હતુ.
- તા.૨૧/૨/૨૦૧૦ ના આપણી કોલેજ ખાતે જ **UGC** પ્રાયોજિત અને ફીઝીકસ ડીપાર્ટમેન્ટ દ્વારા આયોજીત **નેશનલ લેવલ વર્કશોપ 'Nanoscience & Nanotechnology : A Curriculum Development Approach'** માં દેશભરમાંથી કુલ **૧૫૨ વિદ્યાર્થીઓ** તથા **૯૬ ફેકલ્ટીઝે** ભાગ લીધો હતો.

  આ વર્કશોપમાં જ કોલેજના વોલ ન્યુઝ લેટર **Spectrum** ને **ત્રિમાસિક મેગેઝીન** ના નવા સ્વરૂપે **પ્રકાશિત** કરવામાં આવ્યુ હતુ.

- તા.૨૩/૨/૨૦૧૦ ના રોજ વિદ્યાર્થિની બહેનો દ્વારા **કલોધીંગ એન્ડ ટેકસટાઇલ** વિષય અંતર્ગત બનાવેલ નમુનાઓનું એક સુંદર **પ્રદર્શન** યોજાયેલ હતુ.
- તા.૨૫/૨/૨૦૧૦ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ **National Symposium on Space Science** માં આયોજકોના વિશેષ આમંત્રણને માન આપીને કોલેજની વિદ્યાર્થિની બહેનોએ **ચિરમી'** ની રજુઆત કરી હતી.
- તા.૨૬/૨/૨૦૧૦ ના **રાજકોટ દુરદર્શન** દ્વારા આયોજીત શ્રેણી **'ચટ્ટ સવાલ,પટ્ટ જવાબ' કવીઝ કોમ્પીટીશન** માં આપણી કોલેજની **કુ.ચાંદની સાંજા** તથા **કુ. હિરલદેવી જાડેજા** એ ભાગ લઇ, **દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કરેલ હતુ.
- તા.૨૬ અને ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦ ના રોજ **N.C.C.** ની કુલ **૩૩** કેડેટસે **'C'**ગ્રેડના સર્ટીફીકેટ માટેની પરીક્ષા આપેલ હતી.
- તા.૨૬ ફેબ્રુઆરી થી ૧ માર્ચ ૨૦૧૦ સુધી આપણી કોલેજની કુલ **૦૪** વિદ્યાર્થિની બહેનો **કુ. જીજ્ઞા ઠાકર,કુ.ભગવતી વાઘેલા, કુ.એકતા વ્યાસ** અને**કુ.તેજલ સોલંકીએ રેડ રીબન કલબ** ના **પીઅર્સ લીડર** તરીકેની તાલીમમાં ભાગ લીધો હતો.

**<u>March-2010</u> :**

- તા.૨/૩/૨૦૧૦ ના રોજ **ઇન્ફોસીસ** દ્વારા **BPO** ની કામગીરી માટે **રાજકોટની ક્રાઇસ્ટ કોલેજ** ખાતે એક **કેમ્પસ્ ઇન્ટરવ્યુ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં કોલેજની કુલ **૧૪** વિદ્યાર્થિની બહેનોએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ. તથા **૧૨** વિદ્યાર્થિની બહેનોએ પરિક્ષાના પ્રથમ રાઉન્ડ (લેખિત પરીક્ષા) માં ભાગ લીધો હતો.
- તા.૨/૩/૨૦૧૦ ના રોજ કોલેજના પ્રાધ્યાપક ઇન્દુબેન તન્નાની **N.S.S.** ના પ્રોગ્રામ ઓફિસર તરીકે નિમંણૂક કરવામાં આવી હતી.
- તા.૩૦/૩/૨૦૧૦ ના રોજ હોમ સાયન્સ વિભાગમાં કાર્યરત ફુડ એન્ડ ન્યુટ્રીશનના પ્રાધ્યાપક ભાવનાબેન વૈદએ**'A study on nutrient profile and sensory characteristics of foods cooked by conventional methods, microwave cooking and solar cooking** 'વિષયમાં **Ph.D.** ની પદવી પ્રાપ્ત કરેલ છે.

**<u>April-2010</u> :**

- તા.૨/૪/૨૦૧૦ થી તા.૪/૪/૨૦૧૦ દરમ્યાન રાજકોટની **વી.વી.પી. એન્જિનીયરીંગ કોલેજ** ખાતે ત્રિદિવસીય **Entrepreneurship Awareness Camp** નું આયોજન થયેલ. તેમાં કોલેજની કુલ **૧૧** વિદ્યાર્થિની બહેનોએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ. જેમાં લઘુ ઉદ્યોગ, તેને શરૂ

કરવા માટે જરૂરી માર્ગદર્શન, આર્થિક સહાય કયાંથી મેળવવી, તેના નિયમો વગેરે વિદ્યાર્થિની બહેનોને ભવિષ્યમાં ઉપયોગી થાય તેવી માહિતી આપવામાં આવી હતી.

## સ્વર્ણિમ ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત વિવિધ ધારાઓ હેઠળ થયેલી પ્રવૃતિઓ

વિદ્યાર્થીના બહુમુખી વ્યકિતત્વને ઘડવા અને તેમનામાં રહેલી અભિવ્યકિત ક્ષમતાને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નરૂપે ગુજરાત સરકારે **'સપ્તધારા'** નામ હેઠળ એક ઉત્કૃષ્ટતા અભિયાન વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન શરૂ કર્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓમાં રહેલ અલગ અલગ કૌશલ્યને બહાર લાવી, તેમને વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવાનો હેતુ રહેલો હતો. જેને પરિણામે વિદ્યાર્થીઓના વ્યકિતત્વને બહુપરિમાણિય બનાવી શકાય.

'સપ્તધારા' ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત કુલ **સાત ધારા**ઓના નેજા હેઠળ કોલેજ ખાતે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. જે આ મુજબ છે :

- **જ્ઞાનધારા :**

  આ ધારા અંતર્ગત કોલેજની કુલ **૪૨** વિદ્યાર્થીની બહેનોએ નોંધણી કરાવેલ હતી.

  તા.૩/૯/૨૦૦૯ ના વિદ્યાર્થીની બહેનોને એકત્રિત કરીને આ ધારા અંગે પુરતી માહિતી અને સમજ આપવાના હેતુથી એક વ્યાખ્યાનનું આયોજન કરાયેલ હતુ.

  તા.૧૨/૯/૨૦૦૯ ના રોજ આ ધારા અંતર્ગત એક **'Quiz'** નું આયોજન કરાયેલ હતુ. જેમાં વિદ્યાર્થિની બહેનોએ પોતાના સામાન્ય જ્ઞાનનું સુંદર પ્રદર્શન કર્યુ હતુ. જેમાં કુલ ૦૩ વિદ્યાર્થિની બહેનો વિજેતા જાહેર થયેલ હતી.

  **૧. કુ.મૌસમી નાંઢા – પ્રથમ સ્થાન**
  **૨. કુ.ચાંદની સાણજા –દ્વિતિય સ્થાન**
  **૩. કુ.ઉપમા પટોલિયા –તૃતિય સ્થાન**

  આ ત્રણેય વિદ્યાર્થિની બહેનોએ ત્યારબાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત યુવક મહોત્સવમાં ભાગ લીધેલ હતો.

  આ ધારામાં પ્રા.ગીરાબેન માંકડ, ડો.જે.જે.ઉપાધ્યાય તથા પ્રા.રેણુબેન પંજાબીએ વિદ્યાર્થિની બહેનોને માર્ગદર્શન આપ્યુ હતુ.

- **ગીત–સંગીત–નૃત્ય ધારા :**

  આ ધારા અંતર્ગત કોલેજની કુલ **૧૫૦** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

  તા.૧/૮/૨૦૦૯ થી તા.૧૩/૯/૨૦૦૯ સુધી ગીત–સંગીત–નૃત્ય ધારા અંતર્ગત **દોઢ કલાક**ના એક એવા **આઠ તાલીમ વર્ગો**નું આયોજન કરાયેલ હતુ. જેમાં વિદ્યાર્થિની બહેનોને તાલીમ આપવા **આકાશવાણી**ના **B+** ગ્રેડના કલાકાર **શ્રી. મહેશભાઇ ત્રિવેદી** ની સેવા લેવા માં આવી હતી.

આ ધારા અંતર્ગત વિદ્યાર્થિની બહેનોને **અલંકારોની પ્રાથમિક સમજ,સરગમ, લોકગીતો** અને **દેશભકિત ગીતો** શીખવવામાં આવ્યા હતા.

આ ધારા અંતર્ગત પ્રા. ડો.ચેતનાબેન રાજયગુરૂ તથા પ્રા.ડો.ભાવનાબેન વૈદે વિદ્યાર્થિની બહેનોને **શાસ્ત્રીય નૃત્ય** અંતર્ગત **શ્લોક, કવિતા** તથા **ભજન** અને **લોકનૃત્યો માં રાજસ્થાની મેડલે** શીખવ્યા હતા.

આ બન્ને પ્રાધ્યાપકો ઉપરાંત આ ધારામાં પ્રા.હીનાબેન શાહ અને પલ્લવીબેન બગથરીયા(વિઝીટીંગ લેબ. આસિસ્ટન્ટ,એફ.એન. ડીપાર્ટમેન્ટ) એ વિદ્યાર્થિની બહેનોને માર્ગદર્શન આપ્યુ હતુ.

- **નાટય ધારા :**

આ ધારા અંતર્ગત કુલ **૧૭** વિદ્યાર્થિની બહેનોએ પોતાના નામની નોંધણી કરાવી હતી.

આ ધારા અંતર્ગત વિદ્યાર્થિની બહેનોએ તા.ર અને ૩ ઓકટોબર ર૦૦૯ ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના ૪૦ મા યુવક મહોત્સવ** માં **શ્રીમતી એસ.જે. વરમોરા મહિલા કોલેજ, વઢવાણ** ખાતે યોજાયેલ **ઉત્તર ઝોન** ની સ્પર્ધામાં **રાષ્ટ્રીય એકતાના સંદેશ** સાથે એક **માઈમ** રજુ કરેલ. જેમાં માઈમને **તૃતિય સ્થાન** પ્રાપ્ત થતાં તા. ૧૦/૧૦/ર૦૦૯ ના રોજ **સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત જોષીપુરા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, જૂનાગઢ** ખાતે **ઈન્ટર ઝોન** સ્પર્ધામાં આ માઈમને રજુ કરવામાં આવ્યુ હતુ.

તા.રપ/ર/ર૦૧૦ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ **National Symposium on Space Science** માં આયોજકોના વિશેષ આમંત્રણને માન આપીને કોલેજની વિદ્યાર્થિની બહેનોએ આ જ **માઈમ** ની રજુઆત કરી હતી.

આ સિવાય **'સ્વર્ણિમ ગુજરાત'** અંતર્ગત **'ડીસ્ટ્રીકટ લેવલ'** પર આ માઈમે **દ્વિતિય સ્થાન** તથા **'સૌરાષ્ટ્ર કલ્સ્ટર'** કોમ્પીટીશનમાં **તૃતિય સ્થાન** પ્રાપ્ત કરેલ હતુ.

આ ધારા અંતર્ગત પ્રા.રોહિણીબેન ભટ્ટ,પ્રા.નિરિક્ષાબેન દેસાઇ તથા પ્રા.ડો.સી.એમ.ઠાકરે વિદ્યાર્થિની બહેનોને માર્ગદર્શન આપ્યુ હતુ.

- **વ્યાયામ–યોગ,ખેલકૂદ ધારા :**

આ ધારા અંતર્ગત કુલ **૬૮** વિદ્યાર્થિની બહેનોએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ.

આ ધારા અંતર્ગત તા. ર૧/૭/ર૦૦૯ થી તા. ર૧/૮/ર૦૦૯ સુધી સાંજે પ થી ૬ એક કલાક ના **'માર્શલ આર્ટ'** ના એક **કેમ્પ**નું આયોજન કોલેજ કેમ્પસ ખાતે જ કરાયેલ હતુ. આ કેમ્પમાં કુલ **૬૮** વિદ્યાર્થિની બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કેમ્પમાં **શ્રી.કેતનભાઇ ત્રિવેદી**એ વિદ્યાર્થિની બહેનોને માર્શલ આર્ટની તાલીમ આપી હતી.જેમાં **કરાટે, જુડો,કુંગ–ફુ, રેસલીંગ** વગેરે માર્શલ આર્ટ ની કલાનું જ્ઞાન આપીને વિદ્યાર્થિની બહેનોને સ્વ બચાવ માટે તૈયાર કરેલ હતા.

કેમ્પના અંતિમ દિવસે એક ખાસ સમારંભમાં તાલીમ પામેલ વિદ્યાર્થિની બહેનોએ પ્રિન્સીપાલ ડો.કે.જે.ગણાત્રા તથા કોલેજના અન્ય સ્ટાફમિત્રો સમક્ષ પોતાની કલાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી, તેમની પ્રસંશા પામ્યા હતા.

આ ધારા અંતર્ગત પ્રા.બી.પી.ખોયાણી, પ્રા.ડી.જી.સોલંકીએ વિદ્યાર્થિની બહેનોને સતત સાથે રહી માર્ગદર્શિત તથા પ્રોત્સાહિત કર્યા હતા.

- **<u>સર્જનાત્મક અભિવ્યકિત ધારા</u> :**

આ ધારા અંતર્ગત કુલ **૨૦** વિદ્યાર્થિની બહેનોએ નોંધણી કરાવી હતી. પરંતુ આ ધારા અંતર્ગત થયેલ પ્રવૃતિમાં કોલેજની કુલ લગભગ **૧૦૦** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

તા. ૨૮/૮/૨૦૦૯ ના રોજ કોલેજ ખાતે આ ધારા અંતર્ગત **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એજયુકેશન ડીપાર્ટમેન્ટના પ્રા.ડો. અનિલભાઇ અંબાસણાનું 'બોડી લેંગ્વેજ'** પર એક **વ્યાખ્યાન** યોજાયુ હતુ. જેમાં તેમણે ખૂબ જ રસપ્રદ શૈલીમાં 'બોડી લેંગ્વેજ' નો અર્થ, ઓળખ અને તેના આધારે મનુષ્યના માનસમાં ચાલતી વિચાર પ્રક્રિયા વિષે વિદ્યાર્થિની બહેનોને બે કલાક વ્યાખ્યાન આપ્યુ હતુ.

તા.૧૧/૯/૨૦૦૯ ના રોજ ફરીથી વિદ્યાર્થિની બહેનોના આમંત્રણ અને આગ્રહને માન આપી ડો. અંબાસણાએ **'પબ્લીક સ્પીકીંગ'** પર બે કલાકનું એવું જ રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન આપ્યુ હતુ.

આ ધારા અંતર્ગત પ્રા.નીલાબેન ઉપાધ્યાય તથા પ્રા. જયશ્રીબેન રાણપરાએ વિદ્યાર્થિની બહેનોને સતત માર્ગદર્શન આપ્યુ હતુ.

- **<u>સમુદાય સેવા ધારા</u> :**

આ ધારા અંતર્ગત કુલ **૨૨** વિદ્યાર્થિની બહેનોએ પોતાના નામ નોંધાવેલ હતા.પરંતુ આ ધારા અંતર્ગત થયેલ બન્ને પ્રવૃતિમાં સમગ્ર કોલેજની વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ હતો.

તા.૪/૮/૨૦૦૯ ના રોજ **બેન્ક ઓફ ઇન્ડિયા, મેઇન બ્રાંચ, રાજકોટ** માંથી **શ્રી. મયાત્રાસાહેબે** વિદ્યાર્થિની બહેનોને બચતખાતા વિષે માહિતી આપી. બેન્કમાં ખાતુ ખોલાવવા આહ્વાન આપ્યુ હતુ. અને વિદ્યાર્થિની બહેનો માટે ખાતુ ખોલવા જરૂરી વિધિ પણ કોલેજ ખાતે જ કરવામાં આવી હતી. આમાં કુલ **૧૯** વિદ્યાર્થિની બહેનોએ બચતખાતુ ખોલાવેલ હતુ.

જયારે તા.૧૧/૯/૨૦૦૯ ના સવારે ૧૦ થી ૫ દરમ્યાન કોલેજની વિદ્યાર્થિની બહેનો માટે **'થેલેસેમિયા અવેરનેસ'** તથા **ટેસ્ટ કેમ્પ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં સૌ પ્રથમ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થિની બહેનોને થેલેસેમિયા અંગે માહિતીગાર કરવામાં આવી હતી. આ કેમ્પ **રેડક્રોસ, રાજકોટ** ના સહયોગથી યોજાયેલ હતો. કેમ્પમાં **ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ** ની ટીમના ચેરમેન **ડો.ભપ્પલસાહેબ, મેડીકલ ઓફિસર ડો. સુબોધભાઇ કોરેગાંવકર** તથા **પી.આર.ઓ.ડો.ભરતભાઇ હજારે** હાજર રહયા હતા.

આ કેમ્પમાં કુલ **૨૪૨** વિદ્યાર્થિની બહેનોએ થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ હતો.

આ ધારાનું સમગ્ર સંચાલન પ્રા.બી.ટી.સખીયા, પ્રા.વીણાબેન સામાણી તથા પ્રા.એ.પી.ગોસ્વામી એ કર્યુ હતુ.

* <u>રંગ,કલા,કૌશલ્ય ધારા :</u>

  આ ધારા અંતર્ગત કુલ **૪૪** વિદ્યાર્થિની બહેનોએ પોતાના નામની નોંધણી કરાવેલ હતી.

  આ ધારા અંતર્ગત તા.૨૪/૮/૨૦૦૯ ના સાંજે ૪ થી ૬ ના પોટ પેઇન્ટિંગ, કીચેઇન સ્ટેન્ડ મેકીંગ,ગ્લાસ ઇર્ચીંગ તથા ગ્લાસ પેઇન્ટિંગ વિષે વિદ્યાર્થિની બહેનોને **પીડીલાઇટ** કંપની તરફથી આવેલ **શ્રી. અંકુરભાઇ શાહ** તથા **સુશ્રી. ફાલ્ગુનીબેન ઠાકર** એ સમજુતી આપી હતી

  ત્યારબાદ આ જ ધારા અંતર્ગત તા. ૮/૯/૨૦૦૯ ના વિદ્યાર્થિની બહેનો વચ્ચે **હસ્તકલા** અને **હોબી, ચિત્રકલા, રંગોળી, સર્જનાત્મક કારીગરી, કોલાજ** તથા **કલે મોડેલીંગની સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

  આ સ્પર્ધામાં **નિર્ણાયક તરીકે શ્રી. બી.કે.લાડવા સાહેબ** તથા વિદ્યાર્થિની બહેનોને પ્રોત્સાહિત કરવા કોલેજના **સેક્રેટરી શ્રી. ડો.કે.કે.ખખ્ખર સાહેબ** ઉપસ્થિત રહયા હતા.

  આ સ્પર્ધામાં વિજેતા બનેલ વિદ્યાર્થિની બહેનોના નામ નીચે મુજબ છે.

  - **હસ્તકલા : ૧) કુ. નિરાલી ઠુમ્મર ૨) કુ.શીતલ ચૌહાણ ૩) કુ. ધારા ધ્રાંગધરીયા**
  - **ચિત્રકલા : ૧) કુ. સ્વાતિ કાલાવડીયા ૨) કુ. કેશા કલોલા ૩) કુ. પ્રાપ્તિ પટેલ**
  - **રંગોળી : ૧) કુ. નેહા પિત્રોડા ૨) કુ. ગ્રીષ્મા પાંભર ૩) કુ. ઉર્વશી સોલંકી**
  - **સર્જનાત્મક કારીગરી : ૧) કુ. કોમલ વેકરીયા ૨) કુ. દિપાલી ધ્રાંગધરીયા**
  - **કોલાજ : કુ. રીના પરમાર**
  - **કલે મોડેલીંગ : કુ. કૈલાસ અજુડીયા**

  ત્યારબાદ આ જ વિદ્યાર્થિની બહેનોને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૪૦ મા યુવક મહોત્સવમાં ભાગ લેવા મોકલવામાં આવી હતી.

  તા.૨૩ તથા ૨૪ સપ્ટેબર ૨૦૦૯ ના સાંજે ૩ થી ૫ ના સમય દરમ્યાન બે દિવસીય **વર્કશોપ** નું આયોજન કરાયેલ હતુ. જેમાં વિદ્યાર્થિની બહેનને **પોટ પેઇન્ટિંગ, કીચેઇન સ્ટેન્ડ મેકીંગ,ગ્લાસ ઇર્ચીંગ** તથા **ગ્લાસ પેઇન્ટિંગ** વિષે શીખવવા **પીડીલાઇટ** કંપની માંથી **શ્રી. અંકુરભાઇ શાહ** તથા **સુશ્રી.ફાલ્ગુનીબેન ઠાકર**એ વિદ્યાર્થિની બહેનને ઉપરોકત વિષયો પર સુંદર માર્ગદર્શન,ડેમોન્સ્ટ્રેશન અને પ્રશ્નોતરી દ્વારા સમજૂતી આપી હતી.

  આ ધારા અંતર્ગત પ્રા.ડો.ધાત્રીબેન વસાવડા, પ્રા.દિપ્તીબેન ઓઝા તથા પ્રા.માલીનીબેન પાઠકે સેવા આપી હતી.

સમગ્ર 'સપ્તધારા' ના ડ્રીસ્ટીકટ લેવલના કો–ઓર્ડિનેટર તરીકે કોલેજના પ્રિન્સીપાલ શ્રી. ડો.કે.જે.ગણાત્રા તથા કોલેજના કો–ઓર્ડિનેટર તરીકે પ્રા.પી.ડી.કોટકે આખા વર્ષ દરમ્યાનની પ્રવૃતિઓમાં પોતાનુ માર્ગદર્શન, પ્રોત્સાહન તથા જરૂર પડયે સુચનો આપી વિદ્યાર્થિની બહેનોને અને પ્રાધ્યાપકોને પ્રોત્સાહિત કર્યા હતા.આમ આવી રહી માતુશ્રી વીરબાઇમા મહિલા સાયન્સ તથા હોમ સાયન્સ કોલેજની ૨૦૦૯–૨૦૧૦ ની શૈક્ષણિક સફર. એવી સફર જે અવિરત ૧૯૭૦ થી ચાલુ છે, અને સતત પ્રગતિ સાથે, સમયની સાથે ચાલતી રહેશે. કારણ કે..........

**"All of us do not have Equal Talent; But, All of us have an Equal Opportunity to Develop our Talents"**

******